નટખટ કાગડો

ઈરિના હેલ



ઘણા સમય પહેલા, બે બાળકો, કોન્સ્ટેન્ટાઇન અને મરિના, કિવ શહેરના એના શિયાળાના ઘરેથી ઉનાળો વિતાવવા ગામ આવ્યા હતા. ત્યાં, બગીચામાં એને એક કાગડાનું ઘાયલ બચ્ચું મળ્યું. એમણે એને પાળવાનો ફેંસલો કર્યો અને એનું નામ "ક્રા-ક્રા" પાડયું.

એક પાળેલા જાનવર તરીકે ક્રા-ક્રા બહુ મજેદાર હતો, પણ બાળકોને થોડા સમયમાં ખબર પડી ગઈ કે હકીકતમાં એ બહુ શરારતી હતો. એક દિવસ જયારે બાળકો ભણતા હતા, ત્યારે ક્રા-ક્રા રૂમમાં ઉડયો અને બાળકોની સ્કૂલની ચોપડીઓ પર શાહી ઢોળી દીધી. અને જયારે દોરી પર કપડાં સૂકાતા હતા, ત્યારે ક્રા-ક્રા બધા કપડામાંથી પિન કાઢી નાખતો હતો. મરિનાના જન્મદિવસની પાર્ટીના દિવસે એ એના અન્ય મિત્રોને બારીમાંથી અંદર લઈ આવ્યો અને ત્યાં રાખેલું બધું સ્વાદિષ્ટ ભોજન ખાઈ ગયા. કોન્સ્ટેન્ટાઇન અને મરિનાને ક્રા-ક્રા ને જંગલમાં છોડી દેવાનું કહેવામાં આવ્યું. પણ જયારે બાળકો પાછા ફરતી વખતે ઘરનો રસ્તો ભૂલી ગયા, ત્યારે ક્રા-ક્રા એ એને રસ્તો બતાવ્યો. એ પછી ક્રા-ક્રા ને પરિવાર સાથે રહેવા દેવામાં આવ્યો - અને એ એના અડપલાં કરતો રહ્યો!

ક્રા-ક્રા ની મનોરંજક વાર્તા હકીકતમાં એક સાચી વાર્તા છે, જે ઈરિના હેલને એના કાકાએ સંભળાવી હતી.

નટખટ કાગડો



ઈરિના હેલ





એક સમયે બે બાળકો હતા - કોન્સ્ટેન્ટાઇન નામનો
એક છોકરો અને મરિના નામની એક છોકરી.






એ દૂર કિવમાં એની માઁ અને પિતા અને આયા નિયાનિયા સાથે રહેતા હતા.

શિયાળો લાંબો અને ઠંડો હતો અને બાળકો અધીરાઈથી બરફના પીઘળવાની રાહ જોતા હતા જેથી એ શહેર છોડીને એના ગામના ઘરમાં જઈ શકે.

નિયાનિયાએ એના રમકડાં અને કપડાં બેગમાં ભર્યા, અને જ્યારે બધા તૈયાર થઈ ગયા, ત્યારે પરિવારે આગબોટમાં સવારી કરી.

એ એક લાંબી યાત્રા હતી. પણ આખરે એ પહોંચી ગયા. ઇવાશ્કા એને ઘરે લઈ જવા માટે ઘોડાગાડી સાથે બંદર પર એની રાહ જોઈ રહ્યો હતો.







એ વાહનમાં બેઠા અને સૂરજમુખીના ખેતરોને પાછળ છોડતા ધુળીયા રસ્તા પર આગળ વધ્યા.

એના ગ્રીષ્મકાલીન ઘરના ફાટકમાં દાખલ થતા એમણે રસોઈયા અવદોતિયા, માલણ ગ્રીશા, અને નોકરાણી માશાને અભિવાદન કરવા માટે દોડતા જોયા.



એમણે બાળકોને ગળે લગાવ્યા, અને એ સીધા અટારીના એના રૂમમાં ગયા, એ જોવા માટે કે હજી બધું ગયા વર્ષ જેવું જ હતું કે નહીં.

જયારે એણે બારીમાંથી બહાર જોયું, તો એને બગીચાના ઊંચા ઝાડની નીચે કંઈક નાનું અને કાળું પડેલું દેખાયું.

"એ શું છે?" કોન્સ્ટેન્ટાઈને પૂછ્યું.

"ચાલ, જઈને જોઈએ," મરિનાએ કહ્યું.

નીચે ઘાસ પર, એને કાગડાનું નાનું ઘાયલ બચ્ચું મળ્યું. એવું લાગી રહ્યું હતું કે એ એના માળામાંથી પડી ગયું હતું.

"બિચારું," મરિનાએ કહ્યું."

"આપણે એને રાખી લઈએ," કોન્સ્ટેન્ટાઈને કહ્યું. "આપણે એને ક્યા નામથી બોલાવશું?"

"ક્રા-ક્રા" કાગડાએ અવાજ કર્યો.

એ રીતે એનું નામ ક્રા-ક્રા પડયું.



બાળકોએ કાગડાના બચ્ચાને ઉપાડયું. એ નિયાનિયાને દેખાડવા માટે સંભાળીને એને ઘરમાં લઈ આવ્યા. નિયાનિયા ખીલથી લઈને ગરમ મિજાજ, બધાને સરખા કરવાનો ઈલાજ જાણતી હતી.

નિયાનિયાએ કાગડાના જખ્મી પગને સીધો રાખવા માટે પગને લાકડીના બે ટૂકડા વચ્ચે બાંધી દીધો.



એ જોઈને કોન્સ્ટેન્ટાઈને એના પગ માટે પણ લાકડીની પટ્ટી માગી અને મરિનાએ પણ એવું કર્યું.







ક્રા-ક્રા ને બાળકો સાથે બહુ લગાવ થઈ ગયો. એ દિવસભર એનો પીછો કરતો હતો અને એની બધી રમતમાં સામેલ થતો હતો.

એને નહાવું બહુ ગમતું હતું. અને જયારે એ નિયાનિયાને પાણીમાં મુઠ્ઠીભર ભોજપત્રના પાંદડા હલાવતી જોતો, તો એ એવી રીતે કર્કશ અવાજ કરતો, જાણે કહેતો હોય કે એ પણ નહાવા ચાહતો હોય.

એક પાળેલા પક્ષી તરીકે ક્રા-ક્રા બહુ મજેદાર હતો. પણ બાળકોને થોડા સમયમાં ખબર પડી ગઈ કે એ એક બહુ નટખટ કાગડો હતો.

એક દિવસ બાળકો એના ખાનગી શિક્ષક સાથે અંકગણિતનો અભ્યાસ કરી રહ્યા હતા, ત્યાં ક્રા-ક્રા ઉડીને ત્યાં આવ્યો.

એ મરિનાની બેન્ચ પર બેસી ગયો અને એની નોટબુક પર શાહી ફેલાવી દીધી. મરિનાએ જલ્દીથી એને બગીચામાં ઉડાડી દીધો.





બગીચામાં માશા ભીના કપડાં સૂકવી રહી હતી. ક્રા-ક્રા ઉડીને ત્યાં ગયો, અને જેવા માશાએ કપડાં લટકાવ્યા, ક્રા-ક્રા એ કપડાંની ક્લિપ કાઢી નાખી. ઘણા કપડાં નીચે કીચડમાં પડી ગયા.

"એ કાગડાને તરત પાંજરામાં પૂરી દેવો જોઈએ," માઁ એ જોરથી બૂમ પાડી.





એટલે જયારે બાળકો ગામના મેળામાં ફરવા ગયા, ત્યારે ક્રા-ક્રા ને ઘરે જ રાખવામાં આવ્યો. પણ કોઈ પણ રીતે ચાંચ મારીને એ પાંજરામાંથી બહાર નીકળ્યો અને ઉડી ગયો.

"ત્યાં જો," કોન્સ્ટેન્ટાઈને અચાનક બૂમ પાડી. "એ ક્રા-ક્રા જ છે."



સંગીતકારોને બહુ ગુસ્સો આવ્યો જયારે ક્રા-ક્રા એ એના ઢોલકમાં ચાંચ થી કાણું કરી નાખ્યું હતું, અને પ્રદર્શન કરી રહેલું રીંછ મિશા ગુસ્સામાં હતું, કારણકે આટલી ધાંધલમાં કોઈ એનું નૃત્યુ જોઈ રહ્યું ન હતું. મરિના અને કોન્સ્ટેન્ટાઇનને જલ્દીથી ઘરે મોકલી દેવામાં આવ્યા. ક્રા-ક્રા બદનામ થઈ ગયો હતો.






બાળકોએ માઁ ના શયનકક્ષમાં સુંદર પોશાક પહેરવાનો ખેલ ખેલવાનું નક્કી કર્યું.

"હું સેન્ટ જ્યોર્જ છું," કોન્સ્ટેન્ટાઈને ઝાડુ લહેરાવતા એના કૂતરા બુરીયા પર બેસીને કહ્યું.

"હું રાજકુમારી છું," મરિના એ કહ્યું. "આપણે ડ્રેગન માટે શું કરશું?"

"ક્રા-ક્રા ડ્રેગન બની શકે છે," કોન્સ્ટેન્ટાઈને કહ્યું.



ક્રા-ક્રા ડ્રેગન બનવા ચાહતો ન હતો. એક કર્કશ અવાજ કરીને એ પહોંચની બહાર ઉડી ગયો. ડરીને કૂતરો બુરીયા ઉછળ્યો, અને કોન્સ્ટેન્ટાઇન ભોંય પર પડી ગયો. માઁ નો પાઉડર ફેલાઈ ગયો અને ગળાની માળા જાજમ પર પડી ગઈ. ક્રા-ક્રા એ માળા પર ઝાપટ મારી અને ચાંચમાં પકડીને સીધો બારીમાંથી બહાર ઉડી ગયો.





ક્રા-ક્રા ઝાડની ઊંચી ડાળી પર બેસી ગયો. એની ચાંચમાં માળા હજી લટકી રહી હતી.



મરિના એની પાછળ બગીચામાં ભાગી.

"તરત નીચે આવ, તોફાની પક્ષી," એણે ચીસ પાડી. એ ઝાડ પર ચઢવા લાગી, પણ એનો પેટીકોટ ઝાડની એક શાખામાં ફસાઈ ગયો.

બધા દોડીને આવ્યા. એ જોઈને ક્રા-ક્રા ડરી ગયો અને એણે માળા નીચે પાડી દીધી. મરિનાને નિસરણીની મદદથી બચાવવામાં આવી. ક્રા-ક્રા ફરી બદનામ થયો.



થોડા દિવસો પછી મરિનાનો જન્મદિવસ આવ્યો. એને માટે પીકનીકની યોજના બનાવવામાં આવી અને એના પિતરાઈ ભાઈઓને આમંત્રિત કરવામાં આવ્યા. કોન્સ્ટેન્ટાઇનને એ સુનિશ્ચિત કરવા માટે ઘરે રહેવું પડયું કે ક્રા-ક્રા એ દિવસે કોઈ શરારત ન કરે.

"આ બરાબર નથી," કોન્સ્ટેન્ટાઈને ફરિયાદ કરી.

"ક્રા!" કાગડાએ સંમતિ દર્શાવી.

"હું આશા કરું છું કે એ દિવસે પીકનીકમાં મુશળધાર વરસાદ પડે!"

"ક્રા-ક્રા!" કાગડાએ કહ્યું.

"હું આશા કરું છું કે ગાડીનું એક પૈડું નીકળી જાય!" કોમસ્ટેન્ટાઈને કહ્યું.

"ક્રા-ક્રા!" કાગડાએ એની આંખોમાં એક તોફાની ચમક સાથે કહ્યું.





થોડા સમય પછી પરિવાર પાછો ફર્યો. બધા ભીના થઈ ગયા હતા અને પગે ચાલતા આવ્યા હતા.

મરિનાએ કહ્યું, "તું ક્યારેય અનુમાન નહીં લગાવી શકે કે શું થયું. બહુ જોરથી વરસાદ આવ્યો અને અમારી ગાડી કીચડમાં ફસાઈ ગઈ અને એનું એક પૈડું નીકળી ગયું. અમે બધા બહુ હેરાન થયા."

"અને એને માટે અમે તમારા કાગડાને દોષ ન આપી શકીયે," પાપાએ મજાકમાં કહ્યું. "અચ્છા, એનું વર્તન કેવું હતું?"

"બહુ સારું!" કોન્સ્ટેન્ટાઈને કહ્યું.





એ જરા જલ્દી બોલી ગયો. જયારે એ જન્મદિવસની ઉજાણી માટે ભોજનકક્ષમાં દાખલ થયા, તો એમણે જોયું કે ક્રા-ક્રા અને એના મિત્રો બારીમાંથી પહેલાજ અંદર આવી ગયા હતા.

એ પણ પાર્ટીમાં સામેલ થવા ચહતા હતા.



"આ તો બહુ વધારે થઈ ગયું," પાપાએ ગર્જના કરીને કહ્યું. "હવે એ કાગડાને જવુંજ પડશે."

એ સાંભળીને બાળકો બહુ રડયા. પણ માતા-પિતા એના નિર્ણય પર દ્રઢ હતા. હવે ક્રા-ક્રા એના ઘરમાં નહીં રહે.





બીજે દિવસે
બાળકોએ ક્રા-ક્રા ને એક ટોકરીમાં રાખ્યો, અને ઇવાશ્કા એને એક લાંબા રસ્તેથી દૂરના જંગલમાં લઈ ગયો, જ્યાં ક્રા-ક્રા ને મુક્ત કરવાનો હતો.





કાર્ય થઈ ગયા પછી જ્યારે બાળકો ગાડીમાં ચઢ્યા, તો એ બહુ દુઃખી હતા. થોડા સમયમાં એણે જોયું કે એનો કાગડો એની નવી દુનિયામાં, ઝાડના લીલા પાંદડાઓની વચ્ચે ગાયબ થઈ ગયો હતો.

"એ આપણા વગર કેવી રીતે જીવશે?" મરિનાએ ચિંતાપૂર્વક પૂછ્યું.

એ જંગલના રસ્તે પાછા ફરી રહ્યા હતા, ત્યાં ઇવાશ્કા ઘઉંની લણણી કરી રહેલા ખેડૂતો સાથે વાતચીત કરવા રોકાયો.

અચાનક કાગડાઓનું એક ઝુંડ આકાશ ભણી ઉડયું, અને ઝપાટામાં ઝાડ તરફ આવવા લાગ્યું.

"જો!" કોન્સ્ટેન્ટાઈને રડતા-રડતા કહ્યું. "કદાચ એ ક્રા-ક્રા ને ઇજા પહોંચાડશે."





બાળકો દોડીને પાછા જંગલમાં ગયા, પણ ત્યાં ક્રા-ક્રા ના કોઈ એંધાણ ન હતા. એની ચારે બાજુ ઊંચા-ઊંચા કાળા વૃક્ષ હતા અને એની પાંદડાથી લાદેલી ડાળીઓ હવામાં ઝૂલી રહી હતી.


"ઇવાશ્કા! ઇવાશ્કા!" એમણે બૂમ પાડી પણ એના શબ્દો તેજ હવામાં ઉડીને ક્યાંક ખોવાઈ ગયા.

પછી, ઝાડીઓમાંથી કોઈ પણ હવાથી પણ તેજ જોરદાર કર્કશ અવાજ આવ્યો. બાળકોએ ગભરાઈને એક-બીજાનો હાથ પકડી લીધો. ત્યાં ઝાડીમાંથી એક લાંબુ નાક બહાર આવ્યું.

એ એક રીંછ હતું...







... એક સાંકળથી બાંધેલું રીંછ મિશા, એના રક્ષક સાથે!


"બાળકો, તમે અહીં જંગલની વચ્ચે શું કરી રહ્યા છો?" રીંછના રખેવાળે પૂછ્યું.

"અમે અમારો કાગડો ખોઈ દીધો છે! અને હવે અમે ઘરનો રસ્તો પણ ભૂલી ગયા છીએ," મરિનાએ કહ્યું.

રખેવાળે એને એક ચમકદાર કાળું પીછું બતાવ્યું. "મને આ રસ્તામાં મળ્યું," એણે એની પાછળ ઈશારો કરતા કહ્યુ.

બાળકો ઝાડની વચ્ચેથી વણાંક લેતા રસ્તા પર ચાલવા લાગ્યા, અને અંતે એ જંગલ પૂરું થાય ત્યાં પહોંચ્યા.

ત્યાંથી થોડે જ દૂર એનું ઘર હતું.



પણ ત્યાં ઓસરીમાં બેસેલું કોણ હતું? શું એ ક્રા-ક્રા હતો? એ એની આગળ ઉડીને આવ્યો હતો અને એની રાહ જોતો હતો.



આખું ઘર દાદરા ઉતરીને નીચે આવ્યું.

"અમે બહુ ચિંતિત હતા," બધાએ કહ્યું.

"જયારે ઇવાશ્કા તમારા વગર પાછો આવ્યો, તો અમે વિચાર્યું કે જંગલી વરુ તમને ખાઈ ગયા છે."

રખેવાળે પોતાનો પરિચય આપ્યો અને જણાવ્યું કે કેવી રીતે એને બાળકો જંગલમાં ભટકતા મળ્યા હતા.




"હકીકતમાં એ ક્રા-ક્રા હતો જેણે અમને ઘરનો રસ્તો બતાવ્યો," મરિનાએ કાનાફૂસી કરી. "એણે અમારા માટે એક નિશાની છોડી - એનું પીછું. મહેરબાની કરીને એને માફ કરો અને એને અમારી સાથે રહેવા દો."

મામાએ પાપા તરફ જોયું અને પાપાએ એનું માથું ધુણાવ્યું.

"અમે ક્રા-ક્રા ને હજી એક મોકો આપશું," એણે કહ્યું.







એ બધા ચ્હા પીવા બેસી ગયા અને બાળકોએ એના સાહસ વિષે ફરી વર્ણન કર્યું.

અચાનક, પાપાએ એનો હાથ ચહેરા પર રાખ્યો.

"એ આશ્ચર્યજનક છે," એમણે કહ્યું. "હું ખાતરીથી કહી શકું છું કે મેં મારા ચશ્મા પહેર્યા હતા. પણ હવે એ ગાયબ છે. એ ક્યાં હોઈ શકે છે? ક્રા-ક્રા? ક્રા-ક્રા...!"

સમાપ્ત